# ઉંમર વધી રહી છે, પણ જિંદગી જવાન થઈ રહી છે

# હવે સાઈઠે વસંત આવે છે!



**ફાયરવોલ**

**રાજ ગોસ્વામી**

સાઈઠ વર્ષની ઉંમર અંગે આપણા સમાજમાં એક જૂની છબી છે; સફેદ વાળ, ધીમી ચાલ, દવાઓના ડબ્બા, બગીચામાં ચહેલકદમી, જવાબદારીઓ વગરના દિવસો અને પૌત્રો-પૌત્રીઓ સાથે મસ્તી. જાણે સાઈઠનો માઈલસ્ટોન એક લાંબી યાત્રાનું અંતિમ સ્ટેશન હોય.

પરંતુ, છેલ્લા અમુક દાયકાઓમાં, દુનિયામાં એક મૌન ક્રાંતિ આવી છે; લોકોની આવરદા વધી રહી છે, અને જેને આપણે ઘડપણ કહેતા હતા તે હવે ખસીને 'યુવાની'ના બ્રેકેટમાં આવી રહ્યું છે. હવે સાઈઠે સક્રિય જીવન પૂરું નથી થતું, પણ એક નવું પ્રકરણ ઉમેરી રહી છે.

અમુક દાયકાઓ પહેલાં જીવનની એક નિશ્ચિત સ્ક્રિપ્ટ હતી; સ્કૂલ જાઓ, નોકરી કરો, પરિવાર બનાવો, બાળકો મોટાં કરો અને સાઈઠની આસપાસ નિવૃત થઈને ભજન કરો. આ પૂરી પટકથા પાછળ એક વણબોલી ધારણા કામ કરતી હતી કે માણસ બહુ લાંબુ નથી જીવતો એટલે તેણે જીવનના મહત્વપૂર્ણ કામો નક્કી સમયમાં કરી નાખવાં જોઈએ, જેથી અફસોસ કે અધૂરપ ન રહી જાય.

પૌરાણિક હિંદુ પરંપરામાં એટલા માટે જ ચાર પુરુષાર્થની વ્યવસ્થા બનાવવામાં આવી હતી- અર્થ, કામ, ધર્મ, મોક્ષ- જેમાં દરેક પુરુષાર્થ માટે નિશ્ચિત સમય ફાળવવામાં આવ્યો હતો. ત્યારે પણ ધારણા એવી જ હતી કે ઈશ્વરે (પ્રકૃતિએ) દરેક માટે નિશ્ચિત જીવનકાળ નક્કી કર્યો છે, અને તેનો જો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં ન આવે તો ઘણાં કામો અધૂરાં રહી જાય.

વીસમી સદીના મધ્યમાં જ્યારે વિશ્વમાં સામાજિક સ્ટ્રકચર અને પેન્શનની વ્યવસ્થાઓ બનાવવામાં આવી, ત્યારે સરેરાશ જીવન સિત્તેરની આસપાસ હતું (ભારતમાં 1947ની સાલમાં સરેરાશ ઉંમર 32 હતી) એટલે સાઈઠ પછીના સમયને એક નાનકડો પડાવ માનવામાં આવતો હતો. આજે આ ગણિત બિલકુલ બદલાઈ ગયું છે.

ભારતમાં સરેરાશ આવરદા હવે 72ની પાર પહોંચી ગઈ છે, અને તે વધી રહી છે. 2050માં તે 78 વર્ષ સુધી પહોંચવાની ધારણા છે. એવું કહેવાય છે કે આજે જન્મેલું બાળક 100 વર્ષને અડશે. ચિકિત્સા સુવિધાઓમાં જબ્બર પ્રગતિ, બહેતર આહાર, સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ અને જીવનશૈલીમાં બદલાવના કારણે લોકો હવે લાંબુ જીવવા લાગ્યા છે એટલું જ નહીં, બલ્કે તેમના જીવનની ગુણવત્તા પણ બદલાઈ છે. ભારતમાં હવે વ્યવસાયિક કે સામાજિક રીતે નિવૃત થઈ ગયેલા લોકો હવે નિષ્ક્રિય નથી રહેતા, તેઓ તેમનું અંગત જીવન વધુ ચુસ્ત રીતે, સમૃદ્ધ રીતે અને વધુ મજાથી જીવે છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘના અનુમાનો અનુસાર ભારતમાં આજે લગભગ 15.3 કરોડ લોકો સાઈઠ કે તેનાથી વધુ ઉંમરના છે. 2050 સુધી આ સંખ્યા વધીને લગભગ 34.7 કરોડ થઈ શકે છે. અત્યારે ભારતમાં 65 ટકા આબાદી 35 વર્ષની આસપાસ છે, અને તેમાં પણ વધારો થઈ રહ્યો છે. આ કેવળ આંકડો જ નથી, પણ સમાજના ચહેરામાં થનારા એક વિશાળ પરિવર્તનનો સંકેત છે.

**દુનિયાભરમાં 'અનરિટાયરમેન્ટ' યાની સેવાનિવૃત્તિ પછી કામનો સમય શરુ કરવાનું ચલણ વધી રહ્યું છે. લોકો નવું કામ શોધે છે, નવી કંપનીઓ સ્થાપે છે, કન્સલ્ટિંગ સેવાઓ આપે છે, સામાજિક કામો કરે છે, નવેસરથી અભ્યાસ કરે છે અને સોશિયલ મીડિયામાં સક્રિયતા વધારે છે**

સંયુક્ત રાષ્ટ્રએ તો 60 અને 75 વર્ષની વય વચ્ચેના લોકોને 'યંગ-ઓલ્ડ' શ્રેણીમાં ગણવાના શરૂ કર્યું છે. આ એ લોકો છે જે શરીર અને મનથી સક્રિય છે; હોબીઓ સંતોષે છે, પ્રવાસ કરે છે એ નવી ટેકનોલોજીઓ અપનાવે છે. મજાની વાત એ છે કે વધતી ઉંમર હવે કેવળ 'જીવિત રહેવા'ની વાર્તા નથી, બલ્કે 'જીવન જીવવા'ની કથા બની ગઈ છે. અને આવું આખી દુનિયામાં થઈ રહ્યું છે. થોડા વર્ષો પહેલાં લોરા કારસ્ટેન્સન નામની અમેરિકાન સમાજશાસ્ત્રી અને લેખિકાએ તેના પુસ્તક 'અ લોંગ બ્રાઈટ ફ્યુચર'માં લખ્યું હતું કે મનુષ્ય જેમ-જેમ લાંબુ જીવન જીવવા લાગ્યો છે, તેમ-તેમ ઉંમરના અંતિમ ચરણમાં આપણી સમજ પણ બદલાઈ રહી છે. તેના મતે, અમેરિકામાં વૃદ્ધાવસ્થા નિર્ભરતાની સ્થિતિ નથી, બલ્કે અવસરોનો સમય છે. અર્થાત, જીવનમાં એવાં અનેક કામો છે જે માત્ર ઘડપણમાં જ થઈ શકે તેમ છે, અને તેના માટે તમારે જાતને તૈયાર કરવી પડે.

આ વાત આસપાસમાં દેખાય છે. લાંબી ઉંમરે જીવનમાં એક એવો નવો કાલખંડ જોડી દીધો છે, જેને પહેલાં ગંભીરતાથી જોવામાં આવ્યો નહોતો. ભારતનાં શહેરોમાં આ ફરક સાફ દેખાય છે. દિલ્હી, અમદાવાદ, વડોદરા, પૂણે, બેંગ્લોર કે હૈદરાબાદ જેવા શહેરોમાં સવારે કોઈપણ પાર્કમાં આંટો મારી આવજો. સાઈઠ અને સત્તર વર્ષની ઉંમરવાળા 'સિનિયર સિટિઝન્સ' યુવાનોને શરમાવે તે રીતે તેજ ગતિએ ચાલતા હોય છે, યોગ કરતા હોય છે, સાઈકલ ચલાવતા હોય છે, લાફ્ટર કરતા હોય છે અથવા સમૂહમાં વ્યાયામ કરતા હોય છે.

આ માત્ર વ્યક્તિગત ઉદાહરણ નથી. દુનિયાભરમાં 'અનરિટાયરમેન્ટ'યાની સેવાનિવૃત્તિ પછી કામનો સમય શરૂ કરવાનું ચલણ વધી રહ્યું છે. લોકો નવું કામ શોધે છે, નવી કંપનીઓ સ્થાપે છે, કન્સલ્ટિંગ સેવાઓ આપે છે, સામાજિક કામો કરે છે, નવેસરથી અભ્યાસ કરે છે અને સોશિયલ મીડિયામાં સક્રિયતા વધારે છે. હાર્વર્ડ વિશ્વવિદ્યાલયના અનેક અભ્યાસ સંકેત આપે છે કે સક્રિય સામાજિક જીવન, નિયમિત વ્યાયામ અને માનસિક સંલગ્નતા ઘડપણની પ્રક્રિયાને સકારાત્મક રીતે પ્રભાવિત કરે છે. અભ્યાસ કહે છે કે જૈવિક (બાયોલોજીકલ) ઉંમર- એટલે કે શરીર વાસ્તવમાં કેટલું સ્વસ્થ છે- તે હવે કેલેન્ડરમાં દર્જ ઉંમર કરતાં વધુ મહત્વની બની રહી છે. આ કારણથી જ આજના અનેક સિનિયર સિટિઝન્સ અમુક દાયકાઓ પહેલાંના પચાસ વર્ષીય લોકો કરતાં અધિક સ્વસ્થ દેખાઈ રહ્યા છે.

એક મહત્વનું પરિવર્તન આર્થિક મોરચે છે. દુનિયા હવે 'સિલ્વર ઈકોનોમી' શબ્દનો ઉપયોગ કરી રહી છે. તેનો અર્થ છે- સિનિયર સિટિઝન્સની વધતી આર્થિક શક્તિ અને સક્રિય ભાગીદારી. પહેલાં બુઝુર્ગોને કેવળ પેન્શન ખાતા સમૂહ તરીકે જોવામાં આવતા હતા; આજે તેઓ કન્ઝ્યુમર છે, ઈન્વેસ્ટર છે, ઉદ્યમી છે અને આર્થિક ગતિવિધિઓનો મહત્વનો હિસ્સો છે. ભારત સરકારે પણ આ લોકોને ધ્યાનમાં રાખીને અનેક યોજનાઓ જાહેર કરેલી છે.

બ્રિટિશ લેખક એન્ડ્ર્યુ સ્કોટ અને લિન્ડા ગ્રેટન તેમના એક દિલચસ્પ પુસ્તક 'ધ 100 યર્સ લાઈફ'માં લખે છે કે મનુષ્ય જો સો વર્ષ જીવતો સમાજ બની રહ્યો હોય, તો જીવનને ત્રણ હિસ્સામાં- શિક્ષણ, કામ અને સેવાનિવૃત્તિ- વહેંચવાનું જૂનું મોડલ બદલવું પડશે. જીવન ઘણાં નવાં ચરણોમાં વિભાજીત થશે- જ્યાં લોકો નવેસરથી શીખશે, કામ બદલશે અને જાતને નવા રૂપમાં જોશે.

એટલા માટે ઉંમર વધવી એ દરવાજાઓ બંધ થવાનો અવાજ નથી. એ એક નવો રૂમ ખુલવાનો સંકેત પણ છે. આપણો સમાજ લાંબા સમય સુધી કોઈ બાળકને કહેતો હતો કે તે તેની ઉંમર કરતાં મોટો દેખાય છે અને કોઈ વયસ્કને કહેતો રહ્યો હતો કે તે તેની ઉંમર કરતાં નાનો દેખાય છે.

જાણે ઉંમરની પોતાની કોઈ સુંદરતા જ ન હોય, પણ હવે સમય આવી ગયો છે કે આપણે ઉંમરને છુપાવાને બદલે સ્વીકારીએ. કારણ કે ઉંમર વધવી એ વાસ્તવમાં જીવનનું સંકોચન નથી, તે તેનો વિસ્તાર પણ હોઈ શકે છે. અને એ પણ સંભવ છે કે આવનારા વર્ષોમાં આપણને એ સમજાશે કે ઘડપણ અસલમાં યુવાવસ્થાનો અંત નથી, બલ્કે તેનું બીજું પ્રકરણ છે- વધુ શાંત, વધુ સમૃદ્ધ અને કદાચ વધુ સુંદર.

# ભક્તાઈટિસઃ એક અભ્યાસ




**ભક્તાઇટિસની સૌથી મોટી અસર વિચારશક્તિ અને વિવેકબુદ્ધિ પર પડે છે. તેનો ભોગ બનેલા લોકો બને ત્યાં સુધી કોઈ પણ ક્ષેત્રની વાસ્તવિક દુર્દશાનો સ્વીકાર કરતા નથી અથવા એ કરવો જ પડે તો તેનો દોષ અગાઉના શાસકોના માથે ઢોળીને સંતોષ માને છે**

**બોલ્યું-ચાલ્યું માફ**

**ઉર્વિશ કોઠારી**

ભારતમાં વ્યક્તિપૂજાનો વાઈરસ નવો નથી. કોરોના વાઈરસ લોકોના શ્વસનતંત્ર પર અસર કરતો હતો, તેમ વ્યક્તિપૂજાનો વિષાણુ લોકોના વિચારતંત્રના મૂળમાં ઘા કરે છે અને જોતજોતામાં તેને ખતમ કરી નાખે છે. કોરાનાની જેમ આ બીમારી તાત્ત્વિક રીતે નવી ન હોવા છતાં, તેની વ્યાપક અને ખતરનાક અસરોની દષ્ટિએ નવી લાગે એવી છે અને ઘણા સમયથી મહામારીનું સ્વરૂપ પકડી ચૂકી છે. તેનાથી થતા રોગને 'ભક્તાઈટિસ' કહી શકાય અને કોઈને સંસ્કૃત નામનો આગ્રહ હોય તો 'અંધભક્તિજ્વર' જેવું નામ પણ ચાલી જાય.

ભક્તાઈટિસનાં આરંભિક લક્ષણ વ્યક્તિપૂજાની જૂની દક્ષિણ એશિયાઈ બીમારી જેવાં લાગે, એવું થાય કે આવું તો પહેલાં જવાહરલાલ નહેરુને ઈન્દિરા ગાંધીના જમાનામાં જોયેલું છે, પણ પછી જેમ જેમ લક્ષણો પ્રગટવા લાગે તેમ સમજાય કે નવી બીમારીની ભયંકરતા સામે જૂની બીમારીની કશી વિસાત નથી.

ગુજરાતમાં-ભારતમાં જોવા મળેલા ભક્તાઈટિસના નવા અવતાર વિશે હજુ સુધી કોઈ મનોચિકિત્સકે સંશોધન કર્યું હોય કે રીસર્ચ પેપર લખ્યું હોય એવું જાણમાં નથી. હા, ઘણા ચિકિત્સકો પોતે ભક્તાઈટિસથી ગંભીરપણે અસરગ્રસ્ત માલૂમ પડે છે. બીજા રોગોની જેમ આ રોગની પણ એ ખાસિયત છેઃ તેને દર્દીના ભણતર કે સામાજિક દરજ્જા સાથે કશી લેવાદેવા હોતી નથી. ઉલટું, ભક્તાઈટિસના નિરીક્ષણઆધારિત અનૌપચારિક અભ્યાસોમાં ભણેલા અને સામાજિક દરજ્જામાં ઊંચા ગોઠવાયેલા લોકોમાં તેનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે. ઘણા રોગોની ખાસિયત એવી હોય છે કે તે નાની વયના લોકોને જલ્દી લાગુ પડે. આ રોગ એવો નથી. બાળકો તેનાથી મોટે ભાગે મુક્ત રહે છે અને યુવાનોમાં પણ તેની સામેની પ્રતિકારક શક્તિ ટકેલી હોય છે, જેને વધુ મજબૂત બનાવી શકાય છે. પરંતુ ચાળીસ વટાવી ચૂકેલા લોકો પહેલી તકે ભક્તાઈટિસનો શિકાર બની શકે છે. ભક્તાઈટિસ ચેપી રોગ છે કે નહીં, એ વિશે મતમતાંતર છે, પરંતુ તે વોટ્સએપ થકી ફેલાય છે એમાં બેમત નથી. સોશિયલ મીડિયાની દુનિયામાં જેમને 'અન્કલ' કહેવામાં આવે છે, એવા લોકો ગમે તેવા ઊંચા આર્થિક-સામાજિક દરજ્જાના હોય તો પણ તે વોટ્સએપ વાટે ભક્તાઈટિસનો ભોગ બની શકે છે. વોટ્સએપ પર ફેલાવાતાં વિવિધ પ્રકારનાં જૂઠાણાંની અને ધિક્કારની ઝુંબેશો આ રોગના વિષાણુના વ્યાપ અને કાતિલપણા માટે બહુ અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. શરૂઆતમાં વોટ્સએપથી આવતા ફોરવર્ડ સંદેશા તંદુરસ્ત દેશપ્રેમ કે ધર્મપ્રેમના દાવા કરનારા હોય છે. પહેલેથી ભક્તાઈટિસ-ગ્રસ્ત હોય, એવા લોકો માટે આવા સંદેશા તેમના રોગની તીવ્રતાને ટકાવી રાખવાનું કામ કરે છે અને એ સિવાયના લોકોને, ખાસ કરીને ચાળીસ-પચાસથી ઉપરના વયજૂથના લોકોને, તે રોગમાં લપેટી લે છે.

ભક્તાઈટિસનો ભોગ બનેલા ઘણા લોકોની શરૂઆત ભોળા ભાવે, 'અમે તો મુદ્દા-આધારિત ટીકા ને પ્રશંસા કરનારા'-એવી ભૂમિકાથી થતી હોય છે. સાંભળવામાં આ ભૂમિકા સ્વસ્થ અને આદર્શ લાગે, પણ વ્યવહારમાં તે ક્યારે માણસને તંદુરસ્તી-મનદુરસ્તીમાંથી ભક્તાઈટિસ ભણી ખેંચી લે છે, તેની તેને ખબર નથી પડતી અને બીજું કોઈ કહે તો તે માનતા નથી. તે પણ ભક્તાઈટિસનું જ લક્ષણ છે. પોતાની કથિત તટસ્થતા વિશે જાતે જ પોરસાતા લોકો ઘણી વાર બુદ્ધત્વ ધારણ કરીને ઉપદેશ આપે છે કે 'ફક્ત સત્તાધીશની જ નહીં, વિપક્ષની પણ ટીકા કરવી જોઈએ અને બને ત્યાં સુધી સરખી માત્રામાં કરવી જોઈએ.' પછી સત્તાધીશની ટીકા કરવાની આવે ત્યારે તે લવિંગ કેરી લાકડી કાઢે છે અને તેમના ટીકાકારોની ટીકા કરવાની આવે ત્યારે રણબંકા (કે બંકી) થઈને મેદાને પડે છે. આમ કરવામાં બુદ્ધત્વના પ્રદેશની હદ ક્યાં પૂરી થઈ જાય છે ને બુદ્ધત્વની ક્યારે શરૂ થઈ જાય છે, એની તેમને સરત રહેતી નથી.

ભક્તાઈટિસની સૌથી મોટી અસર વિચારશક્તિ અને વિવેકબુદ્ધિ પર પડે છે. તેનો ભોગ બનેલા લોકો બને ત્યાં સુધી કોઈ પણ ક્ષેત્રની વાસ્તવિક દુર્દશાનો સ્વીકાર કરતા નથી અથવા એ કરવો જ પડે તો તેનો દોષ અગાઉના શાસકોના માથે ઢોળીને સંતોષ માને છે. ભક્તાઈટિસમાં કેટલાક કેસ એડવાન્સ લેવલના હોય છે. તેમની બીમારી એક નજરે ન પણ દેખાય, ને ઘણાને નથી દેખાતી. એવા લોકો કેટલાંક ક્ષેત્રોમાં છેલ્લા દાયકામાં દેશની જે દુર્દશા થઈ છે, તેનો સ્વીકાર તો કરી લે. એટલું જ નહીં, તેની પર બધું ઘસડે-ભરડે પણ ખરા. બસ, આ બધા માટે જવાબદાર અને તેના પાયામાં રહેલા એક માણસનું નામ તેમની કલમે કે જીભે આવતું નથી. એ હકીકત તરફ સરેરાશ લોકોનું ધ્યાન ન જાય, એ માટે ભક્તાઈટિસના આવા એડવાન્સ કેસ ગાજવીજ ને સીનસપાટા બહુ કરે છે. પણ આ એક એવો રોગ છે, જેના નિદાન માટે લેટેસ્ટ આધુનિક સાધનોની જરૂર પડતી નથી. કેવળ કોમન સેન્સ સાબૂત હોય તો એડવાન્સ લેવલના ભક્તાઈટિસવાળા કેસ તરત પરખાઈ જાય છે.

એ સિવાયના સીધાસાદા ભક્તાઈટિસ-ગ્રસ્તોને મોંઘવારીથી માંડીને સરહદી પ્રશ્નો, પાડોશી દેશો સાથેના સંબંધો, અર્થતંત્રની બેહાલી, રૂપિયાનું સતત અવમૂલ્યન, ઊધઈ-ખાધેલી બંધારણીય સંસ્થાઓ...આ કશું દેખાતું નથી અથવા તેમાંથી કંઈક દેખાઈ જાય તો પણ 'એમાં સરકાર શું કરે?' અને 'એમાં સાહેબ શું કરે?' એ તેમની સામાન્ય પ્રતિક્રિયા હોય છે. તેને સાદી પ્રતિક્રિયાને બદલે ભક્તાઈટિસના વાઈરસને કારણે આવેલું રીએક્શન (પ્રતિક્રિયા) પણ ગણી શકાય.

## ઈશિતાનું અલકમલક

# હેન્ડઝ અપ ... તમારી થશે સિનેમાસ્કોપ એરેસ્ટ ...!

જાહેરમાં અમુક પ્રકારની સભ્યતા દાખવવી જોઈએ, જે સામાન્ય રીતે સરેરાશ ભારતીયમાં નથી હોતી' એવા દોષારોપણ આપણે ત્યાં અવારનવાર થાય છે. અમુક અંશે આ વાતમાં તથ્ય પણ છે. આપણાં શહેરોમાં જ્યાં પણ દીવાલની આડાશ મળે ત્યાં થૂકવું કે લઘુશંકા કરી લેવી કે પાન-માવાની પિચકારી મારવી એ આપણો જાણે વણલખ્યો 'રાષ્ટ્રીય ધર્મ' બની ગયો છે. આવી અઈચ્છનીય જાહેર ઘટના કઈ રીતે રોકી શકાય એના તાજેતરના



**અરીસાની દીવાલ : રોડ એરેસ્ટ**

આ સમાચાર જાણો : કર્ણાટકના મૈસુર શહેરના અનેક રસ્તા પર આવાં દૂષણે ત્રાસ ફેલાવ્યો હતો. એને અટકાવવા ત્યાંની સુધરાઈએ એક અનોખો આઈડિયા હમણાં કામે લગાડ્યો છે. લોકો જે રસ્તા પર નિયમિત જાહેરમાં જ્યાં જ્યાં સુસુ કરી જતા ત્યાં સ્ટીલના મોટા અરીસા ગોઠવી દીધા છે, જેથી કોઈ પણ વ્યક્તિ આવી ક્રિયા કરવા જેવી પેન્ટની ચેન ખેંચે એ સાથે ખુદના પ્રતિબિંબ સાથે એની આ અસામાજિક ચેષ્ટા દૂર દૂર સુધી અન્ય લોકોને પેલા સિનેમાસ્કોપ અરીસામાં પણ દેખાય! રાતના અંધકારમાં પણ આવી ચેષ્ટા રોકવા પ્રશાસને ત્યાં રોડ નજીકની દીવાલો પર ગોઠવેલાં અરીસા આસપાસની લાઈટ્સ પણ ઝળહળી ઊઠે છે! આ પ્રયોગ સોશિયલ મીડિયા પર આજે ગજબનો વાયરલ થઈ ગયો છે અને અરીસાના આવા અફલાતૂન આઈડિયા પર લોકો ફિદા છે.

# આઘા રે'જો આ દીવાલ તમને 'રંગી' નાખશે !

ઈશિતા એ હમણાં તમને ઘરઆંગણે થતી એક અભદ્ર ચેષ્ટા વિશે કહ્યું પરંતુ 'ઘેર ઘેર ગેસના ચૂલા' કે 'ક્રો-કાગડા બધે કાળા' જેવી કહેવત પણ આપણે ભૂલવી ન જોઈએ. ટચલી આંગળી હવામાં ઊંચકી જાહેર માર્ગના કોઈ એકાંત કે ખૂણે લઘુશંકા હળવી કરવાની આપણી કુટેવ જૂની ને જાણીતી છે. આ ખરાબ આદત માત્ર આપણે ત્યાં જ છે એવું નથી. જગતના અનેક દેશમાં છે પરંતુ 'ઈશિતા' આજે એ દેશની વાત કરવા ઈચ્છે છે જેણે આપણને 'સભ્યતા-સંસ્કૃતિના પાઠ ભણાવ્યા છે' એવો દાવો કરે છે! ખેર, મૂળ વાત પર આવીએ તો




**દૂર રે'જો ...આ વોલ વળતો એટેક કરશે!**

આપણે ત્યાં જે 'ટચલી આંગળી' સિન્ડ્રમ-રોગ લક્ષણ છે એવાં જ ઈંગ્લિશબાબુના દેશમાં પણ છે. ત્યાં પણ જાહેરમાં દીવાલો ગંદી કરવાની ઘણી બૂરી આદત છે. ખાસ કરીને લંડન શહેરના 'સોહો' વિસ્તારના લોકો તો આવી ટેવને લીધે ત્રાહિમામ પોકારી ગયા છે. 'સોહો' લંડનનો એક એવો વિશ્વવિખ્યાત વિસ્તાર છે, જે એની રંગતભરી રોમાંચક નાઈટ કલબ લાઈફ માટે વખણાય છે. ત્યાં સુધી કે લંડન ગયા ને 'સોહો' નહીં દેખા તો કુછ નહીં દેખા!' જેવું છે. સાંજ ઢળે ને અહીં આવેલી અનેક નાઈટ ક્લબ-ડિસ્કોથેક- સ્ટ્રીપ ડેન જેવા અડ્ડાઓ પર જુવાનિયા મોજ- મસ્તી માટે ઉમટી પડે છે. ત્યાંની કલબો તો ઠીક, ફૂટપાથો સુદ્ધાં નાચતાં-ઝૂમતાં યુગલોથી ઊભરાતી હોય છે. વહેલી સવાર સુધી આવી ખાણી ઓછી ને પીણીની જયાફત વધુ ચાલે. આ વિસ્તારમાં ઘર-ઓફિસો પણ ઘણી છે. એ લોકો જુવાનિયાઓની નાઈટ પાર્ટીઓથી બહુ હેરાન છે. હકીકતમાં એમનાં હલ્લાગુલ્લાથી નહીં, પણ બીજાં ભળતાં જ કારણથી. લંડન સુધરાઈ-પોલીસ, ઈત્યાદિને એમની એવી ગંભીર ફરિયાદ છે કે પાર્ટી કરતાં લોકો રાતના રસ્તા પરની દીવાલો એમની લઘુ શંકાથી એવી તરબોળ કરી નાખે છે કે સવારે આખો વિસ્તાર એની દુર્ગંધનો દરિયો બની જાય છે! અધૂરામાં પૂરું, અહીંની નાઈટ કલબોમાં જે ગર્દી જામે છે એની સરખામણીએ ત્યાં તેમ જ રસ્તા પરનાં જાહેર યુરિનલ્સ - શૌચાલય પણ ઓછાં છે એટલે પાર્ટી કરતાં લોકો રાતના સમયે જાહેર રસ્તાની દીવાલો પર હળવા થાય છે!આવી દુર્ગંધમય સમસ્યાનો લંડન સુધરાઈ સત્તાવાળાએ સસ્તો ને સચોટ ઉપાય શોધી કાઢ્યો છે. એમણે એક એવા પ્રકારનો ક્લર સ્પ્રે- રંગ તૈયાર કરાવ્યો છે, જે દીવાલ પર છાંટી દો પછી જો કોઈ ત્યાં લઘુશંકા કરવાની ચેષ્ટા કરે તો એ જ પ્રવાહીની ધારા દીવાલ પરથી પાછી બાઉન્સ થાય એટલે કે લઘુશંકાકર્તા પર જ વળતી ઉછળી આવીને એને જ પલાળી દે!સુધરાઈએ સોહોની ઘણી બધી દીવાલો આવી 'બાઉન્સ બેક' સ્પ્રેથી રંગી નાખી છે. લોકો જાહેરમાં આવી લઘુશંકાની ગુરુ ભૂલ ન કરે માટે આવી સ્પ્રે કરેલી દીવાલો પર ચેતવણી પણ મૂકી છે કે 'આ જાહેર યુરિનલ્સ (મૂતરડી) નથી માટે અહીંથી દૂર રહો, નહીંતર...!' અત્યારે તો સોહોની આવી 'એન્ટી -પી વોલ્સ' ગજબની સફળ થઈ છે.

## ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» આજે દેશભરમાં મોબાઈલ ફોનનો ઉપયોગ વ્યાપક છે. એમાં એક અંદાજ મુજબ ગુજરાતની વસતિ ૭.૪૩ કરોડ છે અને ત્યાં સાતેક કરોડ પાસે પોતાના મોબાઈલ છે અને ત્યાં લગભગ રોજના ૨૧ કરોડથી વધુ ફેક-નકામા કોલ્સ થાય છે. એમાં રોજના ૩-૪ નકામા કોલ પાછળ ગુજરાતીઓ વર્ષે સરેરાશ ૧૮ -૧૯ કલાક વેડફે છે!



» ગુજરાત સરકાર પાસે શિક્ષણ માટે આશરે ૬૩.૧૩ કરોડ રૂપિયાનું બજેટ છે. અહીં ૩૨ હજાર જેટલી પ્રાઈમરી સ્કૂલ છે અને જ્યાં ૧ લાખ જેટલા વિદ્યાર્થી ભણે છે એવી ૨૯૩૬ સ્કૂલમાં માત્ર ૧ શિક્ષક જ છે!

## ઈશિતાની એલચી

**વહાલ વખતે તો બેફામ વરસવું પડે ,**
**ઝાકળથી કંઈ પ્રેમનાં પૂર ન આવે...!!**